# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૧ તા.૦૯-૦૪-૨૦૨૪

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- વર્ષ ૨૦૨૧-૨૨ થી બંધ કરવામાં આવેલ 'વિદ્યાલક્ષ્મી બોન્ડ' યોજના પુનઃ શરૂ કરી વર્ષ ૨૦૨૪-૨૫ પુરતી ચાલુ કરવા બાબત.

સંદર્ભ :- ૧. ક્રમાંક : પ્રા.શિ.નિ./ચ-૧/૨૦૨૪-૨૫/ - પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીનો પત્ર
૨. શિક્ષણ વિભાગ ઠરાવ ક્રમાંક : ED/KEF/e-file/3/2023/4727/K તા.૧૧-૦૩-૨૦૨૪

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે ગુજરાત સરકાર શિક્ષણ વિભાગના ઠરાવથી વર્ષ ૨૦૨૧-૨૨ થી બંધ કરવામાં આવેલ 'વિદ્યાલક્ષ્મી બોન્ડ' યોજના પુનઃ શરૂ કરી વર્ષ ૨૦૨૪-૨૫ પુરતી ચાલુ રાખવાનો નિર્ણય સરકારશ્રી તરફથી થયેલ છે. આ સાથે સામેલ શિક્ષણ વિભાગ ઠરાવ ક્રમાંક : : ED/KEF/e-file/3/2023/4727/K તા.૧૧-૦૩-૨૦૨૪ માં સામેલ સૂચનોને ધ્યાને લઈ 'વિદ્યાલક્ષ્મી બોન્ડ' યોજના વર્ષ ૨૦૨૪-૨૫ પુરતી પુનઃ શરૂ કરવામાં આવે છે. ધો.૧માં નવિન પ્રવેશ પામેલ કન્યાઓને 'વિદ્યાલક્ષ્મી બોન્ડ' યોજનાનો લાભ મળવાપાત્ર છે. નવિન પ્રવેશપાત્ર કન્યાઓ પૈકી 'વિદ્યાલક્ષ્મી બોન્ડ' યોજનાનો લાભ મળવાપાત્ર કન્યાઓના સર્વેની અલગ માહિતી બનાવી ઝોન ઓફિસે મોકલી આપવાની રહેશે. ઝોન ઓફિસે એકંદરી કરી મુખ્ય ઓફિસે મોકલી આપવાની રહેશે. 'વિદ્યાલક્ષ્મી બોન્ડ' યોજનાથી એકપણ કન્યા વંચિત ન રહે તે બાબતે તમામ શાળાઓને જરૂરી સુચારુ વ્યવસ્થા કરવા જણાવવામાં આવે છે.

બિડાણ : સંદર્ભિત પત્ર

તા.૦૯-૦૪-૨૦૨૪

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી
ડૉ.જીવરાજ મહેતા ભવન, બ્લોક નં.૧૨/૧, સેક્ટર-૧૦, ગુ.રા. ગાંધીનગર-૩૮૨૦૧૦,
ફોન નં.૦૭૯-૨૩૨૫૩૯૭૩-૭૮, **Email - plan.dpe.guj@gmail.com**

ક્રમાંક:-પ્રા.શિ.નિ/ચ-૧/૨૦૨૪-૨૫/ તા. /૦૪/૨૦૨૪

**પ્રતિ,**
**- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,**
**જિલ્લા શિક્ષણ સમિતી, તમામ**
**- શાસનાધિકારીશ્રી,**
**નગર શિક્ષણ સમિતી, તમામ.**

વિષય: વર્ષ ૨૦૨૧-૨૨ થી બંધ કરવામાં આવેલ “વિદ્યાલક્ષ્મી બોન્ડ” યોજના પુન:શરૂ કરી વર્ષ ૨૦૨૪-૨૫ પુરતી ચાલુ રાખવા બાબત.
સંદર્ભ:શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:ED/KEF/e-file/3/2023/4727/K, તા.૧૧/૦૩/૨૦૨૪.

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, શિક્ષણ વિભાગના તા.૧૧/૦૩/૨૦૨૪ના ઠરાવથી વર્ષ ૨૦૨૧-૨૨ થી બંધ કરવામાં આવેલ “વિદ્યાલક્ષ્મી બોન્ડ” યોજના પુન:શરૂ કરી વર્ષ ૨૦૨૪-૨૫ પુરતી ચાલુ રાખવા અંગેની મંજુરી આપવામાં આવેલ છે. જેની નકલ આ સાથે સામેલ છે. જે અન્વયે ઉક્ત ઠરાવની સૂચનાઓ ધ્યાને લઇ જરૂરી કાર્યવાહી હાથ ધરવા જણાવવામાં આવે છે.

**બિડાણ:-ઉપર મુજબ.**

**નાયબ શિક્ષણ નિયામક**
**ગુ.રા. ગાંધીનગર**

*Signature Not Verified*

*Signed by:B.D.Baria*
*Deputy Director of Education (Plan)*
*Date:2024.04.08*
*18:22:54 +5:30*

File No: DPE/PLAN/e-file/105/2024/1751/Plan
Approved By: Director of Primary Education,DPE

*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

વર્ષ ૨૦૨૧-૨૨ થી બંધ કરવામાં આવેલ "વિદ્યાલક્ષ્મી બોન્ડ" યોજના પુનઃ શરૂ કરી વર્ષ ૨૦૨૪-૨૫ પુરતી ચાલુ રાખવા બાબત.

ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ

ઠરાવ ક્રમાંક:**ED/KEF/e-file/3/2023/4727/K**

**સચિવાલય, ગાંધીનગર.**

**વંચાણે લીધા:**

(૧) શિક્ષણ વિભાગનો તા.૧૮/૦૬/૨૦૦૨નો ઠરાવ ક્રમાંક:પીઆરઇ/૧૨૦૨/૭૫૭/ક

(૨)મહિલા અને બાળ વિકાસ વિભાગનો તા.૩૧/૦૭/૨૦૧૯નો ઠરાવ ક્રમાંક:મસક/૧૩૨૦૧૯/૧૧૮૧/અ

(3) શિક્ષણ વિભાગનો તા.૧૮/૦૫/૨૦૨૧નો ઠરાવ ક્રમાંક:પીઆરઇ/૧૨૦૨/૭૫૭/ક

(૪) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણનીકચેરીનો તા.૨૧/૧/૨૦૨૨નો પત્ર ક્ર:પ્રાશિનિ/ચ-૧/વિદ્યાલક્ષ્મી/૨૧-૨૨/ ૭૨૬૦

(૫) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણનીકચેરીનો તા.૨૮/૧૧/૨૦૨૩નો પત્ર ક્ર: પ્રાશિનિ/ચ-૧/ઈડીએન- ૯.૬/ ૨૩-૨૪/ ૫૬૭૦-૭૧

(૬) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણનીકચેરીનો તા.૧૩/૦૨/૨૦૨૪ના પત્ર ક્ર.:DPE/0584/02/2024, File No: DPE/PLAN/e-file/105/2024/0946/Plan થી કરેલ દરખાસ્ત

**આમુખ:**

રાજ્યમાં કન્યા કેળવણીના પ્રમાણમાં વધારો કરવા માટે અને કન્યા શિક્ષણને પ્રોત્સાહન મળે તેમજ કન્યાઓનું શાળામાં ૧૦૦ ટકા નામાંકન થાય અને ૧૦૦ ટકા સ્થાયીકરણ જળવાય તે માટે શિક્ષણ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક-(૧) મુજબના ઠરાવથી થી **"વિદ્યાલક્ષ્મી બોન્ડ"**યોજના અમલમાં મુકવામાં આવેલ હતી. શિક્ષણમાં કન્યાઓનો ડ્રોપઆઉટ રેશિયો ઘટાડવા તેમજ સ્ત્રી સશક્તિકરણના હેતુસર મહિલા અને બાળ વિકાસ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક-(૨) મુજબના ઠરાવથી**"વ્હાલી દિકરી યોજના"**અમલમાં મૂકવામાં આવેલ છે. આ યોજનાથી બહોળા વર્ગને લાભ મળતો હોઈ લાભાર્થીઓની સંખ્યા બેવડાય નહી અને મહત્તમ કન્યાઓને લાભ મળે તે હેતુસર શિક્ષણ વિભાગના વંચાણે લીધેલ ક્ર.-(૩)ના ઠરાવથી **"વિદ્યાલક્ષ્મી બોન્ડ"**યોજના વર્ષ:૨૦૨૧-૨૨(તા.૦૧-૦૪-૨૦૨૧) થી બંધ કરવા ઠરાવવામાં આવેલ.

મહિલા અને બાળ વિકાસ વિભાગ હસ્તકની **"વ્હાલી દિકરી યોજના"** હેઠળ તા.૦૨-૦૮-૨૦૧૯ કે ત્યારબાદ જન્મેલ કન્યાઓને લાભ મળવાપાત્ર થતો હોઈ અને વર્ષ ૨૦૨૧-૨૨ (તા.૦૧-૦૪-૨૦૨૧)થી **"વિદ્યાલક્ષ્મી બોન્ડ"** યોજના બંધ કરવામાં આવેલ હોઈ વર્ષ: ૨૦૧૬-૧૭, ૨૦૧૭-૧૮, ૨૦૧૮-૧૯, ૨૦૧૯-૨૦(તા.૦૧-૦૮-૨૦૧૯ સુધી)માં જન્મેલ કન્યાઓ કે જે અંદાજે ક્રમશઃ વર્ષ:૨૦૨૧-૨૨, ૨૦૨૨-૨૩, ૨૦૨૩-૨૪, ૨૦૨૪-૨૫માં ધો.૧માં પ્રવેશ મેળવવાને પાત્ર થતી હોય તેવી કન્યાઓને ઉક્ત બન્ને યોજનાઓ પૈકી એકપણ પણ લાભ મળતો નથી. આથી આવી કન્યાઓ લાભથી વંચિત ન રહે તે હેતુથી **"વિદ્યાલક્ષ્મી બોન્ડ"** યોજના પુનઃ શરૂ કરી વર્ષ ૨૦૨૪-૨૫ પુરતી ચાલુ રાખવાની બાબતની પ્રાથમિક શિક્ષણ નિયામક કચેરીની વંચાણે લીધેલ ક્રમાંક-(૪) થી કરવામાં આવેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરીના તા.૨૮-૧૧-૨૦૨૩ના વંચાણે લીધેલ ક્ર.-(૫)મુજબના પત્રથી **"વિદ્યાલક્ષ્મી**

**બોન્ડ"** યોજનાની નવી બાબતની દરખાસ્ત કરવામાં આવેલ છે. તેમજ વંચાણે લીધેલ ક્રમાંક-(૬) મુજબના પત્રથી વહીવટી મંજૂરી અંગેની દરખાસ્ત મોકલી આપવામાં આવેલ. જે દરખાસ્ત નાણા વિભાગના પરામર્શમાં વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ:</u>

પુખ્ત વિચારણાને અંતે વર્ષ:૨૦૧૬-૧૭, ૨૦૧૭-૧૮, ૨૦૧૮-૧૯, ૨૦૧૯-૨૦(તા.૦૧-૦૮-૨૦૧૯ સુધી)માં જન્મેલ કન્યાઓ કે જે અંદાજે ક્રમશઃ વર્ષ ૨૦૨૧-૨૨, ૨૦૨૨-૨૩, ૨૦૨૩-૨૪, ૨૦૨૪-૨૫માં ધો.૧માં પ્રવેશ મેળવેલ હોય/મેળવવાને પાત્ર થતી હોય તેવી કન્યાઓ આ યોજનાના લાભથી વંચિત ન રહે તે હેતુથી **"વિદ્યાલક્ષ્મી બોન્ડ"** યોજના પુનઃ શરૂ કરી **વર્ષ:૨૦૨૪-૨૫** પુરતી ચાલુ રાખવાની આથી નીચે મુજબની શરતોને આધીન સરકારશ્રીની મંજૂરી આપવામાં આવે છે.

(૧) આ યોજના હેઠળ ૫૦ ટકાથી ઓછો સ્ત્રી સાક્ષરતા દર ધરાવતા ગામોના અને શહેરી વિસ્તારમાંગરીબીરેખા નીચેના (બી.પી.એલ.) કુટુંબની વર્ષ ૨૦૧૬-૧૭, ૨૦૧૭-૧૮, ૨૦૧૮-૧૯, ૨૦૧૯ ૨૦(તા.૦૧-૦૮-૨૦૧૯ સુધી)માં જન્મેલ કન્યાઓ કે જે અંદાજે ક્રમશઃ વર્ષ ૨૦૨૧-૨૨, ૨૦૨૨-૨૩, ૨૦૨૩-૨૪, ૨૦૨૪-૨૫ સુધીમાં સરકારી પ્રાથમિક શાળાઓ ખાતે ધોરણ-૧માં પ્રવેશ મેળવેલ હોય/મેળવવાને પાત્ર થતી હોય તેવી કન્યાઓને આ યોજના હેઠળ લાભઆપવાનો રહેશે.

(૨) **"વિદ્યાલક્ષ્મી બોન્ડ"** યોજના અન્વયે કન્યાઓને સરદાર સરોવર નિગમ લી.ના પ્રત્યેક કન્યાદિઠ રૂ.૨૦૦૦ ના "શ્રી નિધિ" બોન્ડ આપવાના રહેશે. બોન્ડ ખરીદી અંગેની કાર્યવાહી સંબંધિત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/ શાસનાધિકારીશ્રી દ્વારા હાથ ધરવાની રહેશે.

(૩) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/ શાસનાધિકારીશ્રીએ પાત્રતા ધરાવતી કન્યાઓના નામે ખરીદેલ મૂળ બોન્ડ પોતાની કસ્ટડીમાં રાખવાના રહેશે. અને બોન્ડની એક નકલ કન્યા/વાલીને આપવાનીરહેશે તથા બોન્ડ અંગેની તમામ વિગતો દર્શાવતું રજીસ્ટર જિલ્લા પ્રાથમિકશિક્ષણાધિકારી/ શાસનાધિકારીએ નિભાવવાનું રહેશે.

(૪) આ બોન્ડની વ્યાજ સહિતની ચૂકવણી જે-તે કન્યાઓને ધોરણ-૮ પાસ કર્યાના શાળાનાઆચાર્યશ્રીના પ્રમાણપત્રના આધારે જે-તે કન્યાના નામના અથવા વાલીના નામના બેન્ક ખાતામાંજમા કરવાની રહેશે.

(૫) અધ વચ્ચેથી અભ્યાસ છોડી જનાર કન્યાઓને **"વિદ્યાલક્ષ્મી બોન્ડ"**નો લાભ મળવાપાત્ર રહેશે નહી.તે મુજબની બાહેંધરી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ બોન્ડનો લાભ મેળવનાર કન્યાના વાલીપાસેથી મેળવવાની રહેશે અને અધવચ્ચેથી અભ્યાસ છોડી જનાર કન્યાઓના કિસ્સામાં બોન્ડનીવ્યાજ સહિતની રકમ સરકારશ્રીમાં જમા કરાવવાની રહેશે.

(૬) બોન્ડ ધરાવતી કન્યાના અભ્યાસ દરમ્યાન જિલ્લો/નગર બદલાય ત્યારે કન્યાના વાલીની અરજીતથા મુખ્ય શિક્ષકના પ્રમાણપત્રને આધારે સંબંધિત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી/ શાસનાધિકારીએ જે-તે જિલ્લાના જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી/ શાસનાધિકારીને આવા બોન્ડ મોકલી આપવાના રહેશે.

(૭) ધોરણ ૧ થી ૮ના અભ્યાસ દરમ્યાન કન્યાનું અવસાન થાય તેવા કિસ્સામાં બોન્ડની વ્યાજ સહિતની રકમની ચૂકવણી કન્યાના વાલીને કરવાની રહેશે.

(૮) આ યોજનાનું અમલીકરણ જિલ્લા/નગર કક્ષાએ સંબંધિત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/ શાસનાધિકારીશ્રી દ્વારા કરવાનું રહેશે.

(૯) વર્ષ:૨૦૨૧-૨૨ થી **"વિદ્યાલક્ષ્મી બોન્ડ"** યોજના બંધ કરવામાં આવેલ અને **"વ્હાલી દિકરી યોજના"**અંતર્ગત તા.૦૨-૦૮-૨૦૧૯ કે ત્યારબાદ જન્મેલ કન્યાને લાભ મળવાપાત્ર થતો હોઈ વર્ષ- ૨૦૨૧-૨૨ બાદ **"વિદ્યાલક્ષ્મી બોન્ડ"** યોજનાનો લાભ મળતો ન હતો અને જન્મ તારીખના બાધનેકારણે **"વ્હાલી દિકરી યોજના"**નો પણ લાભ મળી શકતો ન હતો તેવી કન્યાઓને આ ઠરાવની જોગવાઈઓ અન્વયે **"વિદ્યાલક્ષ્મી બોન્ડ"** આપવાના રહેશે.

આ હૂકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર તા.૦૪-૦૩-૨૦૨૪ની નાણા વિભાગની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(આર. આર. ઠાકોર)**
**સેકશન અધિકારી**
**શિક્ષણ વિભાગ**

**પ્રતિ,**

- માન. રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણીમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.મંત્રીશ્રી (પ્રાથમિક શિક્ષણ)ના અંગતસચિવશ્રી, માન.મંત્રીશ્રી(પ્રાથમિક શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણીમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી (પ્રાથમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન.રા.ક.મંત્રીશ્રી (પ્રાથમિક શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણીમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી(ઉચ્ચ અને ટેક્નિકલ શિક્ષણ)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી ,શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, બ્લોક-૧૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- સચિવશ્રી, રાજય પરીક્ષા બોર્ડ, સેકટર-૨૧, ગાંધીનગર
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/ શિક્ષણાધિકારીશ્રીઓ (નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી મારફત)
- સર્વેશાસનાધિકારીશ્રી, મહાનગરપાલિકા અને નગરપાલિકા (નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી મારફત)
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર(ઠરાવ ઓનલાઇન મુકવા સારું)
- સેકશન અધિકારીશ્રી, ક-૧, ચ-શાખા, ન-શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાયબ સેકશન અધિકારીની સિલેકટ ફાઇલ-૨૦૨૪
- શાખા સિલેક્ટ ફાઈલ-૨૦૨૪

Signature Not Verified
Signed by:R R Thakor
Section Officer
Date: 2024.03.11
13:35:08 +05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign